पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VI

# GUJARATI

# SAMPLE BOOK

# Year- 2020-21

# ગુજરાતી

## ધોરણ 6

(પ્રથમ સત્ર - દ્વિતીય સત્ર)






Scanned with CamScanner

# 12. બાળ નરેંદ્ર

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | આશ્રય | = | આશરો |
| 2) | નીડર | = | બહાદુર |
| 3) | રવાડે | = | ખોટી આદતે |
| 4) | સ્મરણ | = | યાદ |
| 5) | આફત | = | સંકટ |
| 6) | પરાક્રમ | = | બહાદુરી |
| 7) | કિટ્ટા | = | અબોલા |
| 8) | જોખમી | = | અસલામત |

## સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) તારકને શાની બીક લાગે છે?

જ) તારકને વૃક્ષ ઉપર ચડવાની બીક લાગે છે.

2) દાદાજીએ નરેન્દ્રને કોનો ડર બતાવ્યો?

જ) દાદાજીએ નરેન્દ્રને રાક્ષસનો ડર બતાવ્યો.

3) બાળ નરેન્દ્રની માતાનું નામ શું હતું?

જ) બાળ નરેન્દ્રની માતાનું નામ ભુવનેશ્વરી હતું.

4) નરેન્દ્ર કેળાની વાડીમાં કોની રાહ જુએ છે?

જ) નરેન્દ્ર કેળાની વાડીમાં હનુમાનજીની રાહ જુએ છે.

5) સાપ નીકળ્યો છતાં નરેન્દ્ર કેમ ભાગ્યો નહિ?

જ) સાપ નીકળ્યો છતાં નરેન્દ્ર ભાગ્યો નહિ, કારણ કે તે પદ્માસનમાં બેસી ઓમકાર બોલતો હતો; તે ધ્યાનમાં એકાગ્ર હતો.

## નીચેનાં પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) વૃક્ષોથી શા લાભ થાય છે?

જ) વૃક્ષો હવાને સ્વચ્છ રાખે છે. વૃક્ષો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે અને પંખીઓને આશ્રય આપે છે. વળી વૃક્ષો તડકામાં છાંયો પણ આપે છે.

2) નરેન્દ્ર કેળાની વાડીમાં શા માટે ગયો?

જ) નરેન્દ્રની માતા ભુવનેશ્વરી દેવીએ નરેન્દ્રને હનુમાનજીનાં પરાક્રમોની વાતો કરી અને કહ્યુ હનુમાનજીને કેળા બહું ભાવે છે એટલે તે કેળાંની વાડીમાં રહે છે. આથી નરેન્દ્ર કેળાની વાડીમાં હનુમાનજીને મળવા ગયો, પણ ત્યાં તેને હનુમાનજીના દર્શન થયા નહિ.

3) ધ્યાન કરવાથી ક્યા ફાયદા થાય છે?

જ) ધ્યાન કરવાથી મનને શાંતિ મળે છે અને શરીરનો થાક દૂર થાય છે. વળી ધ્યાન કરવાથી આપણી એકાગ્રતા અને યાદશક્તિ પણ વધે છે.

<u>વ્યાકરણ</u>

## નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હવા | = | પવન | 2) | મદદ | = | સહાય |
| 3) | પ્રણામ | = | નમન | 4) | ઝાડ | = | વૃક્ષ |
| 5) | દરરોજ | = | હંમેશા | | | | |

## નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | શાંતિ | X | અશાંતિ | 2) | સ્મરણ | X | વિસ્મરણ |
| 3) | ધ્યાન | X | બેધ્યાન | 4) | લાભ | X | ગેરલાભ |

# 13 પંખીઓએ પાણી પાયું

## શબ્દાર્થ

1) આંબવું = પહોંચવું

2) બોડો = ઉઘાડો

3) ઘેઘુર = ઘટાદાર

4) ધોધમાર = ધોધની જેમ પડતો પ્રવાહ

5) ઘટા = ઝુંડ

## સાહિત્ય

નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) ઢોર કોની પાસેથી પસાર થતા હતાં?

જ) ઢોર એક સાવ નાના છોડ પાસેથી પસાર થતાં હતાં.

2) છોડ શાથી સાવ બોડો થઇ ગયો?

જ) છોડનાં પાંદડા બકરી ખાઇ ગઇ તેથી છોડ સાવ બોડો થઇ ગયો.

3) પંખીના ટોળાને એક પંખીએ શી વાત કરી?

જ) પંખીના ટોળાને એક પંખીએ તરસ્યા છોડની વાત કરી.

4) ઝાડની ડાળી પર બેસીને વાદળીએ શું કર્યું?

જ) ઝાડની ડાળી પર બેસીને વાદળી ઝરમર ઝરમર વરસી.

નીચેના પ્રશ્નોના જવાબ લખો.

1) છોડની શી ઇચ્છા હતી?

જ) છોડને મોટા થવાની ઇચ્છા હતી. તેને વધવું હતું. ઊંચા થવું હતું. આકાશને આંબી જવું હતું.

2) છોડ પર બેઠેલા પંખીને છોડે શું કહ્યુ?

જ) છોડ પર બેઠેલા પંખીને છોડે કહ્યું : “તુ મારા પરથી ઊડી જા. હું તારો ભાર સહી શકતો નથી. કાં તો સાવ વળી જઇશ કે પછી તૂટી જઇશ”

3) છોડ પર દયા આવતાં પંખીએ શું કર્યું?

જ) છોડ પર દયા આવતાં પંખી ઊડ્યું. દૂર એક તળાવ હતું ત્યાં પહોચ્યું. એણે પોતાની નાનકડી ચાંચમાં એકાદ ટીંપુ પાણી લીધું. પછી તે ઊડતું ઊડતું છોડ પાસે આવ્યું અને ચાંચમાનું પાણીનું ટીપું છોડના મૂળમાં ઠાલવી દીધું.

4) છોડની તરસ છિપાવવા, પંખીટોળાએ શું કર્યું?

જ) છોડની તરસ છિપાવવા પંખીટોળું તળાવે પહોચ્યું, પાણીથી ચાચો ભરી અને પેલા છોડ પાસે આવી પાણી ભરેલી ચાંચો ખાલી કરી દીધી. તેમણે આવા દસ – બાર ફેરા કર્યા ને છોડના મૂળને પાણી પાયું.

## <u>વ્યાકરણ</u>

### શબ્દજોડ બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | કાગડો | - | કાગડી | 2) | મોર | - | ઢેલ |
| 3) | કૂતરો | - | કૂતરી | 4) | ચકલો | - | ચકલી |
| 5) | સસલો | - | સસલી | 6) | પોપટ | - | મેના |